ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૯-૨૦૧૩, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### ઐતિહાસિક ફેંસલો : ગેંગરેપના ચારે આરોપીને ફાંસી

૧૬ ડિસેમ્બર, ૨૦૧૨ની રાતે દિલ્હી ખાતે બનેલી ઘૃણાસ્પદ ગેંગરેપની ઘટનાના દેશભરમાં પડઘા પડ્યા હતા અને લાખો લોકો આ દુષ્કર્મનો શિકાર બનેલી પૅરામેડિકલ યુવતી પ્રત્યે દુનિયભારમાં સહાનુભૂતિનું મોજું ફરી વળ્યું હતું. અત્યંત ક્રૂર રીતે સામૂહિક બળાત્કારને અંજામ આપનાર હેવાનોને લોકોના હવાલે કરી દેવાયા હોત તો આ કેસ કોર્ટમાં ચલાવવાની જરૂર જ ન પડી હોત. પરંતુ ભારત જેવા એક સુસંસ્કૃત રાષ્ટ્રમાં એવું જંગલ રાજ ન ચાલી શકે, એથી સાકેત જિલ્લા ન્યાયાલયમાં આ કેસની સુનાવણી ચાલી જેનો અપેક્ષિત ફેંસલો પ્રમાણમાં ઘણો સમયસર આવી જતાં આપણી ન્યાયપ્રણાલી વિશે જનસાધારણમાં પ્રસરેલી નકારાત્મક માન્યતામાં ઘટાડો થયો છે. કુલ છ ગુનેગારો પૈકી બસ ડ્રાઈવર રામસિંહ તો તિહાડ જેલમાં જ આત્મહત્યા કરી લીધી હતી. ગુનેગારોમાંનો એક સગીર વયનો હોવાથી એને બાળ ગુનેગારોને લગતા કાનૂનનો લાભ મળી ગયો અને ફક્ત ત્રણ જ વર્ષની સજા ફરમાવાઈ ત્યારે એનાથી પીડિતાના પરિવાર સહિત દેશની સંવેદનશીલ પ્રજામાં ભારે અસંતોષ પ્રવર્તી રહ્યો હતો. ચાલુ બસમાં લિફ્ટ આપીને એક નિર્દોષ બાળા સાથે આવો જુલમ કરવો એ માનવતાના ઈતિહાસની એક યાદગાર કલંક કથા હતી. એ યુવતી પર બળાત્કાર કર્યા પછી એના ગુપ્તાંગમાં સળિયો ખોસી દઈ, લોહી લુહાણ હાલતમાં એને નિર્વસ્ત્ર હાલતમાં રસ્તા પર ફેંકી દેવાઈ હતી. જ્યારે પ્રજાકીય આક્રોશ પરાકાષ્ઠાએ પહોંચ્યો ત્યારે સરકારે હસ્તક્ષેપ કર્યો અને છેલ્લે તો આંતરડાના ચેપ સામે સંરક્ષણ અપાવવા એને સરકારી ખર્ચે છેક સિંગાપુરની હૉસ્પિટલમાં મોકલી અપાઈ હતી. આમ છતાં એનો જીવન બચાવી શકાયો નહોતો. સાકોત કોર્ટમાં આરોપીઓનો કેસ લડતા વકીલની દલીલ છેકે કોર્ટ સરકારના દબાણ હેઠળ કામ કરી રહી હતી. પરંતુ હકીકતમાં આવા જઘન્ય અપરાધ સામે જ્યારે દેશ આખો એકી અવાજે નમૂના રૂપ, આકરામાં આકરી સજા કરવાની માગણી કરી રહ્યો હોય ત્યારે આવા ગુનેગારોને એમની ઓછી ઉંમર તથા કૌટુંબિક જવાબદારીઓનો હવાલો આપી ફાંસીને બદલે જન્મટીપ આપવાની વકીલાત કરનારા પણ એટલું તો સમજતા જ હશે કે એમના અસીલોએ માનવતાને કલંકિત કરતું કૃત્ય કર્યું છે. હજી ચુકાદો આવે તે પહેલાં દિલ્હીના પાદરમાં પલવલ (હરિયાણા) ખાતે શાળાની છોકરી પર ગેંગરેપની ઘટના બની છે. આવી ઘટનાઓ સતત બનતી રહી છે અને બનતી રહેવાની છે પરંતુ આવા ગુનાહઈત માનસ ધરાવતા સમાજ પર ન્યાયપાલિકાનો એક ભય ઊભો થાય તે પણ જરૂરી છે. ગેંગરેપનો શિકાર બનેલી 'દામિની' કે 'નિર્ભયા'નાં માતાપિતા પોતાની દિવંગત દીકરીના હત્યારાઓને ફાંસી જ મળવી જોઈએ એવી અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. આ કિસ્સો 'રેરેસ્ટ ઑફ રેર' પ્રકારનો ગુનો છે તેથી અદાલત માટે જનસમુદાય, મીડિયા, પોલીસ તેમજ વિવિધ રાજદ્વારી નેતાઓ સહિત અનેક દિશાએથી ઊઠેલી માગ મુજબ છેલ્લામાં છેલ્લી-ફાંસીની સજા થાય તે ઉચિત ગણાય. પરંતુ આવા એકાદ અપવાદરૂપ કેસમાં સમયસર ન્યાય પ્રક્રિયા ચાલી, એને કારણે સરકારને લોકસભામાં ખરડો પસાર કરી જૂના કાયદામાં પણ સુધારો કરવો પડ્યો તેવી દલીલ કરીને કોર્ટ પર સરકારનું દબાણ હતું એટલે આવો ચુકાદો આવ્યો એવું માનવું તે કોર્ટની અવમાનના છે. દેશના કાનૂન પ્રમાણે આ ઘૃણાસ્પદ અપરાધના ગુનેગારોને ફાંસીની સજા મળતાં પ્રજામાં ન્યાયપ્રણાલી તરફ વિશ્વાસ દૃઢ બન્યો છે અને આ પ્રકારની વિકૃત માનસિકતા ધરાવતા લોકો માટે એક કડક ચેતવણી સમાન છે. માનવતાની રૂએ કોઈનું જીવન છીનવી લેવું એ કોઈ વખાણવા લાયક કે સાંસ્કૃતિ પરિવેશને અનુરૂપ અભિગમ નથી. પરંતુ દંડ સંહિતામાં મૃત્યુદંડ જેવી અંતિમ સજાની વ્યવસ્થા ઊભી કરનાર આપણી ન્યાય પ્રણાલીના પુરોહિતોએ આવી સજા અતિશય ઘૃણાસ્પદ- 'રેરેસ્ટ ઑફ રૅર' કેસમાં જ અપાય એનો ખ્યાલ રાખેલો છે. સાકેત કોર્ટના જજ શ્રી ખન્નાએ એમને મળેલ અધિકાર અનુસાર એક ઐતિહાસિક ચુકાદો આપી એક ઉદાહરણ રજૂ કર્યું છે. દેશ આખો એમનો આભારી રહેશે. આ કેસમાં થઈ એવી ઝડપી કાર્યવાહી અન્ય કેસોમાં પણ થાય તો દેશની ન્યાયપ્રણાલી પ્રત્યે પ્રજાની શ્રદ્ધા બળવત્તર બની રહેશે. ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેએ આ કેસમાં કદાચ અંગત રસ લીધો હોય તો પણ તે ક્ષમ્ય બલકે પ્રશંસનીય બાબત લેખાવી જોઈએ. દેશભરની મહિલાઓને આત્મવિશ્વાસ વધે અને એમની સામે થતા યૌન અપરાધો સામે ઝઝૂમવાની તાકાત પ્રગટે એવી સંભાવનાવાળા આ ચુકાદાને આપણે પણ આવકારીએ.

# કામના સ્થળે જાતીય સતામણી વિષયક વર્કશોપ યોજાયો






ગાંધીનગર, તા. ૧૩
ઉદ્‌ગમના રાઈટ ટુ ઓનર કેમ્પેન અંતર્ગત લાયોનેશ ક્લબ, મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે સતત કાર્યશીલ ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ તાજેતરમાં વર્કિંગ વુમન્સ હોસ્ટેલ, નારી સરક્ષણ ગૃહ સે-૧૨ ગાંધીનગર ખાતે કામના સ્થળે જાતીય સતામણી વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં આઈ.જી.પી. વુમેન્સ સેલ એન્ડ સી.આઈ.ડી. ક્રાઈમ ગુજરાત રાજ્યના શ્રી અનિલ પ્રથમ, એડવોકેટ મીના જગતાપ, પી.એસ.આઈ. ગાંધીનગર અંજનાબા ચૌહાણ, ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષી, લાયોનેશ ક્લબના પ્રમુખ આરતીબેન ભટ્ટ, સેક્રેટરી મિનાક્ષીબેન જય સિંઘાણી, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ સંઘના પ્રમુ શર્મિષ્ઠાબેન દવે, ઉપ પ્રમુખ હિતેશ્રીબેન ભટ્ટ, સેક્રેટરી લીનાબેન મહેતા, તેમજ ઉદ્‌ગમના રાજ્યની જાતીય સતામણી કમિટિના મેમ્બર પરમજીત કૌર છાબડા, ઉદ્‌ગમ મહિલા વિંગના પેટ્રન આશાબેન સરવૈયા ઉપસ્થિત રહ્યા હતા.

શરૂઆતમાં શર્મિષ્ઠાબેન દવેએ સ્વાગત પ્રવચનમાં બહેનોને કુટુંબમાં ભાવભર્યુ વાતાવરણ ઉભુ કરવાની પ્રેરણા આપી અને સર્વે મહેમાનોનું શાબ્દીક સ્વાગત કર્યુ હતુ. આઈ.જી.પી. વુમેન્સ સેલ એન્ડસી.આઈ. ડી. ક્રાઈમ ગુજરાત રાજ્યના શ્રી અનિલ પ્રથમે બહેનોને જાતદીય સતામણી અંગેની પ્રાથમિક સમજ આપતા જણાવ્યું હતું કે જાતીય સતામણીની કમિટિની રચનાઓ લોકલ કક્ષાએ થવી જોઈએ અને મહિલા જાગૃતિના હક્કો વિશેની માહિતી આપી હતી. તેમજ એડવોકેટ મીના જગતાપે જાતીય સલામતીને લગતા કાયદાની વિગતવાર બહેનોને સમજ આપતા જણાવ્યું હતું કે બહેનોએ અન્યાય સામે અવાજ ઉઠાવો પડશે અને કાયદાની જાણકારી ખૂબજ ઓછી છે તેથી કાયદો જાણો અને જણાવોની સમજ આપી હતી. પી.એસ.આઈ. ગાંધીનગર અંજનાબા ચૌહાણે પણ બહેનોએ આ અંગેની સામુહિક જાગૃત્તિ લાવવી પડશે અને બહેનોએ હિંમતથી આગળ આવું પડશે અને બહેનોનીસુરક્ષા અંગની સેવાઓની માહિતી આપી હતી. ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષીએ બહેનોને ચૂપ્પી તોડો ચૂપ્પી તોડો સન્માનશે નાતા જોડો નો નારો આપીને બહેનોના સન્માનની વાત કહી હતી અંતે આરતીબેન ભટ્ટે પણ બહેનોને સક્ષમ બનવા અંગેની પ્રેરણા પુરી પાડી હતી.

# નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ રૂરલ આઈ.ટી. ક્વિઝ-૨૦૧૩ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩
ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ જિલ્લા ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓ માટે નેશનલ રૂરલ આઈ.ટી. ક્વિઝ સ્પર્ધા-૨૦૧૩ યોજાઈ હતી. જેમાં ૬૫ ટીમોએ ભાગ લીધો હતો. જેમાંથી ૧૦ ટીમો વિજેતા બની હતી.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર જિલ્લાનું વિજ્ઞાન કેન્દ્ર છે. આ કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય તેમજ તેમનામાં વૈજ્ઞાનિક વલણ વિકસે તે હેતુથી સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત સરકાર તેમજ ભારત સરકાર દ્વારા યોજાતી રાજ્ય કક્ષાની તેમજ રાષ્ટ્રીય કક્ષાની વિજ્ઞાનલક્ષી વિવિધ સ્પર્ધાઓનું આયોજન નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓ પણ કોમ્પ્યુટર અને આઈ.ટી. (ઈન્ફોર્મેશન ટેકનોલોજી)થી પરિચીત થાય તેમજ ટેકનોલોજીનો ઉપયોગ કરતા શીખે તે હેતુથી ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા તા. ૧૨-૯-૨૦૧૩ના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ગાંધીનગર જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓ માટે નેશનલ રૂરલ આઈ.ટી. ક્વિઝ ૨૦૧૩ યોજાઈ હતી. આ સ્પર્ધામાં ૬૫ ટીમોએ ભાગ લીધો હતો. આ ટીમોમાંથી એલીમીનેશન ટેસ્ટ દ્વારા પ્રથમ દસ ટીમો વિજેતા બની હતી. રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. સ્પર્ધામાં ભાગ લેશે. આ કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા, શીવાંગ પટેલ તેમજ ઓફીસ બોય હરિસિંહ માજીરાણાએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં વિજેતા થયેલ દસ ટીમો આ પ્રમાણે છે.

શ્રી સ્વસ્તિક હાઈસ્કૂલ, હાલીસા, તા. દહેગામ, જી. ગાંધીનગર - હાર્દિક એ. ચૌધરી, યશ જી. દેસાઈ, શેઠ સી.પુ. વિદ્યાલય, લોદરા તા. માણસા, ગાંધીનગર - રૂત્વિક ડી. પટેલ, યોગેશ પી. ઠાકોર, શેઠ એસ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સરઢવ, તા. જી. ગાંધીનગર - ઉર્વિશ બી. પટેલ, ઉજાશ બી. પટેલ, શેઠ સી.પુ. વિદ્યાલય, લોદરા તા. માણસા, ગાંધીનગર - દીવ એ. પટેલ, વિમલ વી. ખરાડી, શેઠ સી.પુ. વિદ્યાલય, લોદરા તા. માણસા- ગાંધીનગર - દિવ્ય એ. પટેલ, વિશાલ એન. પંડ્યા, ગ્રામશાળા ગ્રામભારતી અમરાપુર, તા. માણસા, ગાંધીનગર - નિલેશ ટી. પરમાર, અવિરાજ એસ. ચાવડા, પી.પી. આર. શાહ હાઈસ્કૂલ, લીમ્બોદરા તા. કલોલ, ગાંધીનગર - સુભાષ આર. દવે, જયેન્દ્ર એસ. વાઘેલા, સંસ્કાર તિર્થ આંજોલ - નિલમ જે. ઠાકોર, બીના જે. પરમાર, જી. ડી. એમ. એન્ડ એચ.એન. જે. કોબાવાલા હાઈસ્કૂલ કોબા, ગાંધીનગર - ભૈતીક એસ. સુથાર, મીતેશ બી. ઠાકોર, છગનભા સાર્વજનિક પ્રાથમિક શાળા સરઢવ, ગાંધીનગર - યશ જે. પટેલ, પાર્થ ડી. પટેલ.

# હીરામણિ સ્કુલની ક્રિકેટ ક્ષેત્રે જવલંત સિધ્ધિ

ગાંધીનગર, તા.૧૩
હીરામણિ સ્કુલની ટીમને વિવિધ સ્પર્ધાઓમં પ્રાપ્ત વિજય અને સિધ્ધિ બદલ શિલ્ડ અને વિવિધ ઈનામો અર્પણ કરવામાં આવ્યા છે. શાળાની ક્રિકેટ ટીમે છેલ્લા કેટલાક વર્ષોમાં ક્રિકેટ ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે.

ધી સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ અમદાવાદ સંચાલિત વિવિધ ક્રેકેટ ટુર્નામેન્ટોનો સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના વર્ષનો પારિતોષિક સમારોહ ગુજરાત રાજયના મુખ્યમંત્રી અને ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે યોજવામાં આવ્યો હતો. ગુજરાત ક્રિકેટ એસોસિએશનના વા. પ્રેસિડેન્ટ શ્રી અમિતભાઈ શાહ, શ્રી પરિમલભાઈ નથવાણી તેમજ ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પૂર્વ પ્રમુખશ્રી નરહરિભાઈ અમીનની ઉપસ્થિતિમાં વિશિષ્ટ ક્રિકેટવીરોનું સન્માન કરવામાં આવ્યું હતું.

હીરામણિ શાળાની ક્રિકેટ ટીમને વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ૨૦૧૧-૧૨ દરમિયાન જુદી જુદી ૫ ટુર્નામેન્ટોમાં ચેમ્પિયન અને રનર્સઅપના શિલ્ડ મુખ્યમંત્રીશ્રીના હસ્તે આપવામાં આવ્યા હતા. હીરામણિ શાળાના વિશાલ તોમર, અલ્કેશ પટેલ અને સ્મિત પટેલને બેસ્ટ બેટસમેન તરીકે તેમજ ધરમ ચંદોલા અને નમન પટેલને બેસ્ટ બોલર તરીકેના પારિતોષિકો એનાયત થયા હતાં. હીરામણિ ક્રિકેટ ટીમ અન્ડર-૧૯માં સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં દીવાન બલ્લુભાઈ કપ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બની હોઈ ધી સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ દ્વારા રૂ. ૫૦૦૦નો રોકડ પુરસ્કાર પણ પ્રદાન કરવામાં આવ્યો હતો. શાળાના પૂર્વ વિદ્યાર્થી સ્મિત પટેલને અન્ડર-૧૯ વર્લ્ડકપની ફાઈનલમાં ભારતને વિજયી બનાવવામાં વિકેટ કીપર તેમજ બેટસમેન તરીકે મહત્વનું યોગદાન આપવા બદલ ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા રૂ. ૫ લાખનો ચેક ગુજરાત રાજયના મુખ્યમંત્રીના હસ્તે આપવામાં આવ્યો હતો. જનસહાયક ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી રાજેન્દ્રભાઈ ટીકમાણી દ્વારા હીરામણિના પૂર્વ ખેલાડી સ્મિત પટેલને હીરામણીનું ગૌરવ વધારવા બદલ હીરામણિ સ્કૂલ દ્વારા પણ રૂ. ૫ લાખનો રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

હીરામણિ સ્કૂલની ક્રિકેટ ટીમે વર્ષ ૨૦૦૬થી વર્ષ ૨૦૧૨ સુધીમાં ૨૫ જેટલી ટ્રોફી અને મેડલ્સ મેળવ્યા છે. આ સિદ્ધિમાં હીરામણિ સ્કૂલનાં કોચ અને માર્ગદર્શક શ્રી સનતભાઈ જાનીનું પ્રદાન ઉલ્લેખનીય અને મહત્વનું છે.



ગરીબ કલ્યાણ મેળાના અધિકારી છો તો એકાદ ગરીબ ઘરે લેતા આવો ને...!! સરકાર અને મારું પણ કામ થશે..!!

# આદર્શ નિવાસી શાળાની વિદ્યાર્થિની રાજ્યકક્ષાની રાષ્ટ્રીય લોકનૃત્ય સ્પર્ધામાં પસંદગી પામી

ગાંધીનગર, તા. ૧૩
એન.સી.ઈ. આર.ટી. (નવી દિલ્હી) જી.સી.ઈ.આર.ટી. દ્વારા આયોજીત રાજ્યકક્ષાની રાષ્ટ્રીય લોકનૃત્ય સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. સ્પર્ધામાં શહેરના સેક્ટર-૧૩ આદર્શ નિવાસી શાળા (અ.જા.ક.)ની વિદ્યાર્થિનીએ જિલ્લાકક્ષાએ પ્રથમ નંબર મેળવતા આગામી સ્પર્ધા માટે વિદ્યાર્થિની ૨૧ સપ્ટેમ્બરના રોજ વડોદરા જશે. સ્પર્ધામાં માનવીય જીવન કૌશલ્યનો વિકાસ કરવાના હેતુસર નશીલા દ્રવ્યોનું દુરૂપયોગ વિષયને લગતુ લોકનૃત્ય રજુ કર્યુહતુ. નૃત્યમાં દુલેરા કાજલ, મકવાણા મીનાક્ષી, સોલંકી જૈમીની, ચાવડા દિપાલીએ ભાગ લીધો હતો. શાળાના આચાર્ય અને શિક્ષિકા અમીતાબેને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## આર.જી. પટેલ કન્યા શાળાનું ગૌરવ



ગુજરાત સ્ટેટ સ્કૂલ ગેમ્સ સ્વિમિંગ ચેમ્પિયનશીપ તાજેતરમાં નવસારી ખાતે યોજાઈ હતી. સ્વિમિંગ ચેમ્પિયનશીપ અંડર-૧૯ સ્પર્ધામાં શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થિની પ્રિતિ રાઠોડે ૨૦૦ મી. ઈન્ડિવ્યુઝલ, મીડેલમાં ગોલ્ડ મેડલ અને ૫૦ મી. બેસ્ટ સ્ટોક તથા ૧૦૦ મી. બેસ્ટ સ્ટ્રોકમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. શાળાના વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોષીએ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. આચાર્ય સુધાબેન પટેલ અને શાળા પરિવારે વિદ્યાર્થિનીનીને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

## જે.એમ. ચૌધરી વિદ્યાલય ખાતે યુવા ઉત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૩
જિલ્લા રમત-ગમત અધિકારી કચેરી દ્વારા જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે તા. ૬ સપ્ટેમ્બરના રોજ યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શહેરની જે.એમ. ચૌધરી વિદ્યાલય ખાતે તાજેતરમાં તાલુકાકક્ષાનો યુવા ઉત્સવ યોજાયો હતો. જેમાં વક્તૃત્વ નિબંધ, લોકવાર્તા, ભજન, ચિત્ર જેવી વિવિધ સ્પર્ધા યોજાઈ હતી. તેમાં જે.એમ. ચૌધરી શાળાની ધોરણ-૧૧-એમાં અભ્યાસ કરતી વાઘેલા પ્રાયોશા જે. એ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમ અને નિબંધ સ્પર્ધામાં દ્વિતિય ક્રમ મેળવ્યો હતો. નિબંધ સ્પર્ધામાં તૃતિય સ્થાને ઝલક ગોહીલે મેળવ્યુંહતું. લોકવાર્તામાં પ્રથમ ક્રમે પ્રયોશા જે. વાઘેલા, ભજનમાં પ્રથમ ક્રમે વાઘેલા એનેક્ષી, દ્વિતિય ક્રમે ભોચિયા કાજલ એન., તૃતિય ક્રમે રાઠોડ પુંજાકુંવર એમ., ચિત્ર વિભાગમાં પ્રથમ ક્રમે સોલંકી નિશા એન., દ્વિતિય ક્રમે રાઠોડ પૂંજાકુંવર એમ.એ મેળવ્યો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર તેમજ વિજેતા ખેલાડીઓને આચાર્ય સંતોકબહેન ચૌધરી સહિત શિક્ષકગણે અભિનંદન પાઠવ્યા હતા.

## આદર્શ નિવાસી શાળા સે. ૧૩નું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૩
જિલ્લા રમત-ગમત અધિકારીશ્રી કચેરી ગાંધીનગર દ્વારા પશ્ચિમ વિભાગ વ્યાયામ મંડળની તાલુકા કક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધા તાજેતરમાં મહાત્મા ગાંધી વિદ્યા વિહાર સેક્ટર-૧૬ ખાતે યોજાઈ હતી.

તાલુકાકક્ષાની બહેનોની અંડર-૧૭, ૧૯ સ્પર્ધામાં દોડ, લાંબીકૂદ, ચક્રફેંક, ગોળાફેંક, સહિતની વિવિધ રમતો યોજાઈ હતી. જેમાં આદર્શ નિવાસી શાળા (અ.જા.ક.) સેક્ટર-૧૩ની બહેનોએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. તેમાં અંડર-૧૭ ચક્રફેંક વિભાગમાં પ્રથમ ક્રમ સોયા વૈશાલી, ૧૫૦૦મી દોડમાં પ્રથમ ક્રમે રાધા પી. બારૈયા, ૮૦૦ મી. દોડ પ્રથમ ક્રમે ડોરીયા ભૂમિકા, અંડર-૧૯ વિભાગમાં ૧૦૦મી દોડમાં પ્રથમ ક્રમ વેગડા નયના, ૧૫૦૦ મી. દોડ, હેતાલ અલગોતરે પ્રથમ ક્રમ મેળવ્યો હતો.

શાળાની વિદ્યાર્થિનીઓએ એથ્લેટીક્સ સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ ક્રમ મેળવવા બદલ તમામ ખેલાડી બહેનોને શાળાના આચાર્ય કુસુમબેને અભિનંદન પાઠવ્યા હતા. શાળાના વ્યાયામ શિક્ષક આર.જી. ડામોરે ખેલાડીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યુંહતું.

# ભગવાન શ્રીગણેશનો 'વિકટ' નામે અવતાર કામાસુરનો સંહારક છે, તેઓ મયૂર વાહન અને સૌરબ્રહ્મના ધારક મનાય છે

**પ્રસંગસર**
- માયા ભાનુપ્રસાદ દવે

*વિકટ*
*વિકટો નામ વિખ્યાત: કામાસુરવિદાહક : ।*
*મયૂરવાહનાશ્રાયં સૌરબ્રહ્મધર: સ્મૃત: ॥*

ભગવાન શ્રીગણેશનો 'વિકટ' નામે અવતાર કામાસુરનો સંહારક છે. તેઓ મયૂર વાહન અને સૌરબ્રહ્મના ધારક મનાય છે.

ભગવાન વિષ્ણુ જયારે જાલન્ધરના વધ અર્થે વૃન્દાનું તપ નષ્ય કરવા ગયા હતા. તે વખતે તેમના શુક્રથી અત્યંત તેજસ્વી કામાસુર ઉત્પન્ન થયો. કામાસુર દૈત્યગુરૂ શુક્રાચાર્ય પાસેથી દીક્ષા પ્રાપ્ત કરીને તપશ્ચર્યા માટે વનમાં ગયો. ત્યાં તેણે ચંપાક્ષરી મંત્રનો જપ કરતાં કરતાં કઠોર તપ પ્રારંભ કર્યું. ભગવાન શિવની પ્રસન્નતા માટે તેણે અન્ન-જળનો ત્યાગ કરી દીધો. દિન-પ્રતિદિન ક્ષીણ થતું ગયું અને તેજ વધતું ગયું. દિવ્યસહસ્ર વર્ષ પૂરાં થયેથી ભગવાન શિવ પ્રસન્ન થયા. આશુતોષે પ્રસન્ન થઇ તેને વર માગવા કહ્યું. ભગવાન શિવનાં દર્શન કરીને કામાસુર કૃતાર્થ થઇ ગયો. તેણે ભગવાન શંકરના ચરણોમાં પ્રણામ કરીને વરયાચના કરી કે 'પ્રભો! આપ મને બ્રહ્માંડનું રાજય તથા આપની ભક્તિ પ્રદાન કરો. હું બળવાન, નિર્ભય અને મૃત્યુંજયી બની જાઉં.'

ભગવાન શિવે કહ્યું, 'જો કે તેં અત્યંત દુર્લભ તથા દેવોને દુ:ખદાયક વરની યાચના કરી છે, તોય હું તારી આ કામના પૂર્ણ કરૂં છું.' કામાસુર પ્રસન્ન થઇ પોતાના ગુરૂ શુક્રાચાર્ય પાસે આવ્યો અને તેમને શિવદર્શન તથા વરપ્રાપ્તિના સમાચાર સંભળાવ્યા. શુક્રાચાર્યે સંતુષ્ટ થઇને મહિષાસુરની રૂપવતી પુત્રી તૃષ્ણા સાથે તેનો વિવાહ કરાવી દીધો. તે સમયે સમસ્ત દૈત્યો સમક્ષ શુક્રાચાર્યે કામાસુરને દૈત્યોનો અધિપતિ બનાવી દીધો. તે સમયે સમસ્ત દૈત્યો સમક્ષ શુક્રાચાર્યે કામાસુરને દૈત્યોનો અધિપતિ બનાવી દીધો. સર્વે દૈત્યોને તેના આધીન રહેવાનું સ્વીકાર કરી લીધું.

કામાસુરે અત્યંત સુંદર 'રતિદ' નામના નગરને પોતાનું પાટનગર બનાવ્યું. તેણે રાવણ, શમ્બર, મહિષ, બલિ તથા દુર્મદને પોતાની સેનાના પ્રધાન બનાવ્યા. તે મહાઅસુરે પૃથ્વીના સમસ્ત રાજાઓ પર આક્રમણ કરીને તેમણે જીતી લીધા. પછી તે સ્વર્ગ પર ચઢાઇ લઇ ગયો. ઇન્દ્રાદિ દેવો તેના પરાક્રમ સામે ટકી ન શક્યા. બધાય તેને આધીન થઇ ગયા. વરના પ્રભાવથી કામાસુરે ટૂંકા ગાળામાં જ ત્રણેય લોકો પર અધિકાર પ્રાપ્ત કરી લીધો. તેના રાજયમાં સમસ્ત ધર્મ-કર્મ નષ્ટ થઇ ગયા. ચારેકોર જૂઠ, છળ-કપટનું જ સામ્રાજય છવાઇ ગયું. દેવો, મુનિઓ અને ધર્મપરાયણ લોકો અતિશય કષ્ટ પામવા લાગ્યા.

મહર્ષિ મુદ્‌ગલની પ્રેરણાથી સમસ્ત દેવો અને મુનિઓ મયૂરેશ ક્ષેત્રમાં પહોંચ્યા. ત્યાં તેમણે શ્રદ્ધા - ભક્તિપૂર્વક ગણેશની પૂજા કરી. દેવતાઓની ઉપાસનાથી પ્રસન્ન થઇને મયૂરવાહન ભગવાન ગણેશ પ્રગટ થયા. તેમણે દેવતાઓને વર માગવા કહ્યું. દેવતાઓએ કહ્યું, 'પ્રભો! અમે સૌ કામાસુરના અત્યાચારથી અત્યંત કષ્ટ પામી રહ્યા છીએ. આપ અમારૂં રક્ષણ કરો.' 'તથાસ્તુ!' કહીને ભગવાન વિકટ અંતર્ધાન થઇ ગયા.

મયૂરવાહન ભગવાન વિકટે દેવતાઓની સાથે કામાસુરના નગરને ઘેલી લીધું. કામાસુર પર દૈત્યો સાથે બહાર આવ્યો. ભયાનક યુદ્ધ થવાં માંડ્યું. તે ભીષણ યુદ્ધમાં કામાસુરના બે પુત્રો શોષણ અને દૂષ્પૂર માર્યા ગયા. ભગવાન વિકટે કામાસુરને કહ્યું, 'તે શિવના વરના પ્રભાવથી ઘણો અધર્મ આચર્યો છે. જો તું જીવતો રહેવા માગતો હોય તો દેવતાઓનો દ્રોહ કરવાનું છોડી મારા શરણે આવી જા. નહિતર તારૂં મૌત નક્કી છે.' કામાસુરે ક્રોધિત થઇને પોતાની ભયાનક ગદા ભગવાન વિકટ ઉપર ફેંકી. તે ગદા ભગવાન વિકટનો સ્પર્શ કર્યા વિના પૃથ્વી પર પડી. કામાસુર મૂર્છિત થઇ ગયો. તેના શરીરની બધી જ શક્તિ જતી રહી. તેણે વિચાર્યું, 'આ અદ્‌ભૂત દેવે શસ્ત્ર ઉગામ્યા વિના જ મારી આવી દુર્દશા કરી નાંખી છે તો હવે શસ્ત્ર ઉઠાવશે તો શું થશે?'

અંતે તે ભગવાન વિકટની શરણમાં આવ્યો. મયૂરેશે તેને ક્ષમા આપી. દેવો અને મુનિઓ ભયમુક્ત થઇ ગયા. સર્વત્ર ભગવાન વિકટનો જયજયકાર થવા લાગ્યો.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા યોજાયો ત્રિદિવસીય TLM વર્કશોપ

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં માતા-પિતા પછી શિક્ષકની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની બની રહે છે. આથી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા શિક્ષકોની સજ્જતામાં વધારો કરવા માટે વિવિધ પ્રશિક્ષણ વર્ગો, શિબિરો, વર્કશોપ યોજવામાં આવે છે.

આવા જ હેતુથી દિ. ૧૧-૦૯-૨૦૧૩ થી ૧૩-૦૯-૨૦૧૩ દરમિયાન શૈક્ષણિક સાધનો નિર્માણ કરવા માટેનો વર્કશોપ યોજાયો. આ વર્કશોપમાં શિક્ષકો શૈક્ષણિક સાધનો બનાવતા શીખે, હસતાં-રમતાં ભણાવી શકે, ખૂબ જ ઓછા ખર્ચથી સાધન નિર્માણ કરી શકે વગેરે જેવા હેતુથી અનેકવિધ TLM બનાવવામાં આવ્યાં. જેવાં કે... ઘડિયાઆંક ચક્ર, દશક પદ્ધતિનું TLM, જાદુઈ મૂળાક્ષર સાધન, વિવિધ ચાર્ટ, ફુગ્ગો ફુલાવતો હાથી, જાદુઈ કાર્ડપત્તા, ફૂગ્ગો ફૂલે ફૂંક વિના, વસ્તુઓ ઢાળ પર ચડે વગેરે જેવાં સાધનો શિક્ષકો દ્વારા નિર્માણ કરાવવામાં આવ્યાં. આ ઉપરાંત પપેટ્સ દ્વારા ભણાવવાની પદ્ધતિ પણ શીખવવામાં આવી. આ રીતે ગુજરાતી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, હિન્દી, સંસ્કૃત વગેરે જેવા વિષયો પરનાં TLM નિર્માણ કરવામાં આવ્યાં.



આ વર્કશોપમાં જૂનાગઢ, ભાવનગર, જામનગર, સુરત, કપડવંજ, દાહોદ, પાટણ, પાલનપુર, વડોદરા અને ગાંધીનગર જિલ્લાઓમાંથી કુલ મળી ૨૫ શિક્ષકોએ ભાગ લીધો હતો. આ વર્કશોપમાં તજ્જ્ઞ તરીકે શ્રી મનજીભાઈ બી. પ્રજાપતિ, નિવૃત્ત શિક્ષક દશાડા અને શ્રી ભાવેશભાઈ પંડ્યા, C.R.C., રાણપુર એ સેવાઓ આપી હતી. વર્કશોપમાં યુનિવર્સિટીના મા. કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહે શિક્ષકોને તેઓની સજ્જતામાં વધારો કરવા માટે ખૂટતી કડીઓ પૂર્ણ કરી સજ્જ થવા જણાવ્યું હતું. સલાહકાર સુશ્રી જ્યોતિબહેન થાનકીએ યુનિવર્સિટીનો વિગતે પરિચય કરાવ્યો હતો. નિયામક ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયાએ TLM ની શરુઆત ક્યારે થઈ ત્યાંથી શરૂ કરી વર્તમાન સમયમાં TLM કેટલો ઉપયોગી પુરવાર થાય છે તેની વિગતે સમજ આપી. આ ઉપરાંત ખાસ ફરજ પરના અધિકારી શ્રી મેહુલભાઈ વ્યાસે હસતાં-રમતાં વર્ગને કેવી રીતે જીવંત બનાવી શકાય તે વિશે સૌને માહિતગાર કર્યા હતા. વર્કશોપના છેલ્લા દિવસે શિક્ષકોએ પ્રતિભાવમાં જણાવ્યું કે આ વર્કશોપ અમારા માટે સાચા અર્થમાં પ્રશિક્ષણ બની રહ્યો. અમે અમારાં બાળકોને સાધનો બનાવી-બનાવડાવી વર્ગમાં પ્રવૃત્ત રાખીશું અને ભણતરને શક્ય એટલું ભાર વિનાનું બનાવી આ વર્કશોપને સાર્થક બનાવવા પ્રયત્ન કરીશું.